સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૧

સલામી સવારની..

ખાયકી મિઠાસે, વાતો વિકાસની, પોકળે છે,
કે 'પાટણ'ની 'જમીન'માંથી ઉર્જા નિકળે છે!
ને જકડે ભીંસમાં મા-દિકરાને અજગર -
'યંગ-ઇન્ડિયા' કોથળેથી બિલાડાં નિકળે છે.
(ચોરનાં ભાઇઓની જમાત)

હાઈકુ

દળી દળીને,
બિચારી કૉંગ્રેસનું -
છે ઢાંકણીમાં..

ઉકળે ચરૂં
ખાયકી - કૌભાંડના
ચૂંટણી ચૂલે..

ચિંતન

મુહૂર્તમપિ જીવેત નરઃ શુક્લેન કર્મણા ।
ન કલ્પમપિ કૃષ્ણેન લોકદ્વય વિરોધિના ॥

'શુધ્ધ-સત્ય, ન્યાયયુક્ત, કર્તવ્ય નિષ્ઠાથી આદરેલું, મૂલ્યો-સિધ્ધાંતો આધારિત કર્મ કરીને જો એક ઘડી-ક્ષણ-પળભર પણ જીવવાનું થાય. જીવવા મળે તો માણસે એ ક્ષણભર જીવવાનું પસંદ કરતું - સ્વીકારી લેવું.

પરંતુ, કાળાં-દુષ્કૃત્યો-સમાજવિરોધી રાષ્ટ્રવિરોધી કૃત્યો કરીને કલ્પ સુધી પણ જીવવા મળતું હોય તો પણ એવું જીવન જીવવાનો કોઇ જ અર્થ નથી.

સાત્વિક-નિર્દોષ જીવન જીવવામાં જે શાંતિ છે એનો અદ્‌ભૂત આનંદ, જીવવાનો માનસિક સંતોષ-નિરાંતની નિંદ્રા અને મનની પ્રફુલ્લિતતાની અનુભૂતિ-માત્ર સત્યપથ - પર ચાલનારને જ મળે છે. એ સદાય હળવાશ ભરી - નિશ્ચિત જીવન જીવે છે એ તદ્દન સામાન્ય ખોરાક ખાઇને પણ તંદુરસ્તી જીવન જીવી શકે છે. શુધ્ધ-ન્યાયમુક્ત અને કર્તવ્યનિષ્ઠ ફરજમાં આ જાદુ છે.

જ્યારે ખોટા-કાળાં-ગુનાઇત કર્મો કરનારને એનો આત્મા અંદરથી એને ઉંઘવા ન દે. ખોરાક ખવાય નહીં પરાણે ખાય એને પચે નહીં, લોહી ન થાય અને સતત ચિંતા-દબાણમાં રોગો પણ સરળતાથી હુમલો કરે છે.

આમ સાત્વિક જીવન ઉત્તમ છે.

દોષિત જીવન દૂષિત છે.

સુવિચાર

- ઊંચી કિંમત આપીને પણ શાંતિ ખરીદી શકાતી નથી - ફ્રેંકલીન
- શાંતિથી પ્રાપ્ત થયેલો વિજય, યુધ્ધના વિજયો જેટલો જ મહત્ત્વનો છે - મિલ્ટન
- જો માન-સન્માન ન જળવાતું હોય તો એવી શાંતિનો કોઇ જ અર્થ નથી - એસ. ભટ્ટાચાર્ય
- ગમે તેવી પરિસ્થિતિમાં પણ જે શાંત રહી નથી શકતો તેને શાંતિ કદાપિ મળતી નથી - લોર્ડ સ્ટેલ
- માનવીની સુખદ પરિસ્થિતિ અને પ્રાકૃતિક અવસ્થાએ જ શાંતિ છે - થોમસન
- શાંતિ તમારા હૃદયમાં જ છે તેને બહાર શોધવાનો પ્રયત્ન નિરર્થક છે- રોશે હુલાઉડ
- કર્તવ્ય, પ્રવૃત્તિ, સંસાર-વ્યવહાર છોડી સૂઇ જવું એ શાંતિ નથી. સંપૂર્ણ ચેતનાથી ઉત્સાહમાં પ્રવૃત્ત રહેવું એ જ શાંતિ છે - પંડિત મિસરીવાલ

બોધ કથા

સિધ્ધાંત, ધર્મ, નિયમ વ્યવહારૂ હોવા જોઇએ. એનું પાલન ચોક્કસ કરવું જ જોઇએ. પરંતુ અણીને વખતે જ્યારે અધર્મ-અન્યાય થતો હોય ત્યારે વ્યવહારૂ માર્ગ અપનાવવો જોઇએ.

મહાભારતના યુધ્ધમાં કર્ણ, અર્જુનથી પણ શ્રેષ્ઠ બાણાવણી હતો. મરતો ન હતો. અર્જુન થાક્યો હતો. ત્યાં કર્ણનાં રથનું પૈડું ઘોંચમાં પડ્યું, કર્ણ તે કાઢવા નીચે ઉતર્યો. કૃષ્ણએ લાગ જોઇ અર્જુનને ઇશારો કર્યો. કર્ણ કહે હું નિહથ્થો છું મારા પર બાણ ચલાવીશ તો 'અધર્મ થશે.'

કૃષ્ણ તરત બોલ્યા - જુગારમાં શકુનિએ કપટ કર્યું, ભીમને ઝેર દીધું, લાક્ષાગૃહમાં પાંડવોને બાળ્યા ત્યારે તને ધર્મ યાદ નો'તો આવ્યો? ને અર્જુને કર્ણને વીંધી નાખ્યો...

ગાંધીજીએ ગાયનું દૂધ ન પીવાનું વ્રત લીધું હતું. બિમાર પડ્યા. અપવાસ ચાલુ હતા. ડોક્ટરે કહ્યું જો તમે દૂધ નહીં લ્યો - તો ખૂબ અશક્તિ આવશે અને તકલીફો વધશે. ગાંધીજી એકના બે ન થયા.

કસ્તૂરબા એ લગામ સંભાળી કંઇક લાગણી, પ્રેમ અને મીઠા ગુસ્સામાં બકરીનું દૂધ વાટકો ભરી લાવ્યાં અને કહ્યું, તમારી પ્રતિજ્ઞા ગાયના દૂધ માટે છે આ તો બકરીનું દૂધ છે. પી લ્યો! છાનામાના..

..અને ગાંધીજીએ વ્યવહારૂં વિકલ્પ અપનાવ્યો.

લુપ્ત થતી પ્રત્યેક જાતિના જીવો માનવોને એક શીખ આપ્યા કરે છે કે તમારા લીધે અમે લુપ્ત થઇ રહ્યાં છીએ પણ અંતે કે કયારેક તમારો અંત પણ નિશ્ચિત છે, સમજો તો સારૂં, ન સમજો તો...

વન્યસૃષ્ટિ પરિચય

લુપ્ત થનાર પ્રથમ ૧૦૦ જીવોની યાદી

- હેમંત સુથાર

ચારેય તરફથી બચાવો, બચાવોની બૂમો - ચેતવણીઓ સંભળાઇ રહી છે. વાઘ બચાવો, ગીધ બચાવો, ચકલીઓ બચાવો, જંગલો બચાવો, નદીઓ બચાવો... વગેરે... વગેરે... યાદી ખૂબ જ લાંબી છે.

આંતરરાષ્ટ્રીય કક્ષાની સંસ્થા ઇન્ટર નેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (IUCN) અને જુઓલોજીક સોસાયટી ઓફ લંડન દ્વારા સાઉથ કોરિયા ખાતેની વિશ્વ કક્ષાની કોન્ફરન્સમાં હાલમાં જ સપ્ટેમ્બર માસમાં એક યાદી બહાર પાડવામાં આવી. વિશ્વમાં ખુબ જ લુપ્ત થાય તેવા ભય હેઠળની જાતિઓનાં જીવોનાં ૧૦૦ નામોની યાદી છે. મોસ્ટ થ્રીટન સ્પેસીસ ઓફ વર્લ્ડની યાદી ૮૦૦૦ જેટલા વૈજ્ઞાનિકોએ સંશોધનો બાદ તૈયાર કરી છે, જે ૪૮ દેશોમાં વ્યાપ ધરાવે છે. વિશ્વના જુદા-જુદા વિસ્તારોમાં વસવાટ કરતાં યાદીના જીવોની સંખ્યા હવે આંગળીના વેઠે ગણી શકાય તેટલી જ છે, જે આવનાર ખુબ જ ઓછાં સમયમાં આ પૃથ્વી પરથી લુપ્ત થવાની સંભાવના ધરાવે છે.

આ પૃથ્વી પરના જે જીવો માનવોને ઉપયોગી જણાય છે તેની ચિંતા કરવાની રહેતી નથી. માણસોને ઉપયોગી ન હોય તેવા જીવોના લુપ્ત થવા સંભાવનાઓ પુરેપુરી છે. પૃથ્વી પરના જીવોને બચાવવા માટેનું માનવોનું આ એક જ ધોરણ કે ગણતરી છે.

હાથી, વાઘ, સિંહ, રીંછ, પાંડા, ગેંડા જેવા મોટા કદના કે પ્રતિકરૂપ કે પ્રભાવી પ્રાણીઓને બચાવવા માટે બધા જ જાગૃત અને પ્રવૃત છે પરંતુ ઓછા અપ્રચલિત, અજાણ્યા કે નાના કદના જીવો માટે અભ્યાસુ કે સંશોધકો સિવાય મોટા ભાગનાં લોકો અંધારામાં છે, અજાણ છે. ૧૦૦ જીવોની યાદીમાં મોટા ભાગનાં જીવો એવા છે જે વધુ પ્રચલિત નથી અને વિશ્વના કોઇ ખાસ વિસ્તાર પુરતાં મર્યાદિત છે.

૧૦૦ મોસ્ટ એનડેજર્ડ જાતિઓની યાદીમાં વૃક્ષો, પતંગિયા, દરિયાઇ સાપ, કાચબાઓ, માછલીઓ, પક્ષીઓ, સસ્તન પ્રાણીઓ જેમાં પ્રાઇમટસ્‌નો પણ સમાવેશ થયેલો છે.

વિશ્વ કક્ષાએ જેની ખુબ જ ઓછી સંખ્યા છે તેવા યાદી પૈકીના કેટલાક જીવો જોઇએ તો સહુ પ્રથમ મ્યુન્નીક સ્પાઇની રેટ (કાંટાળો ઉંદર) ની વાત કરવી પડે આ કૃંતક પ્રાણી ૧૮૯૮ ના વર્ષમાં ફક્ત બે (૨) ની સંખ્યામાં મળ્યાં હતા. ત્યારબાદ ૧૧૦ વર્ષ બાદ એટલે કે ૨૦૦૮માં આ જાતિનો એક જ ઉંદર જોવા મળેલ છે. અબજો જીવોની વસ્તી ધરાવતાં આ વિશ્વમાં એક વિશિષ્ટ જાતિનો એક જ સભ્ય બચ્યો હોય તો જીવ કેટલો મહત્ત્વનો ગણી શકાય?

સમગ્ર વિશ્વમાં ફર નામના વૃક્ષો - ફક્ત ૪ (ચાર), રેડ રીવર જાયન્ટ સોફ્ટશેલ ટર્ટલ (કાચબા) ફક્ત ૪ (ચાર), ફોરેસ્ટ કોકોનેટ પામ ૧૦ કરતાં પણ ઓછાં છે. ડીપ્ટેરો કાર્પસ વૃક્ષો - ૧૨ (બાર), એલાઇ કાર્પસ બોજેરી વૃક્ષો - ૧૦, માડા ગાસ્કર પોચાર્ડ પક્ષીઓ - ૨૦, હૈનાન ગીબ્બન પ્રાઇમેટ - ૨૦ કરતાં ઓછાં, ક્યુ ઓજીયા પાઇન (કોનીફર) વૃક્ષો ૨૫થી ઓછા, જીગાસીફોન મારોસીફોન વૃક્ષો-૩૩, ફાયકસ કાટેન્ડેઇ - ૫૦ થી ઓછા, ફાટુ હીવા મોનાર્ક પતંગિયા ૫૦ જેટલાં, કોરલ ટ્રી - ૫૦ થી ઓછા, સાન્તા કેટરીના ગ્યુનીયા ડુક્કર ૪૦ થી ૬૦ જેટલાં જ બચ્યા છે. આવા તો ઘણાં બધાં જીવોની સંખ્યા ૧૦૦ - ૨૦૦ થી વધારે નથી. તથા તે લુપ્ત થવાના જોખમ હેઠળ છે.

ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડ (ઘોરડ) નામના પક્ષીઓ કે જે આપણાં ભારતમાં આગમન કરે છે અને આપણાં ગુજરાતમાં પણ જોવા મળે છે તેવા સુંદર અને દુર્લભ પક્ષીઓની સંખ્યા વિશ્વ કક્ષાએ ૨૦૦થી ઓછી મનાય છે. આપણાં ગુજરાતમાં તે ૫૦ થી ઓછી સંખ્યામાં જોવા મળે છે.

પ્રાઇમેટ ફુળ એટલે કે વાનર કપિ ફુળના પીગ્મી થ્રીટો સ્લોથ પનામાના દરિયા કિનારાથી ૧૭ કિલોમીટર દૂરનાં વિશ્વના એક માત્ર આઇલેન્ડ જેનું નામ 'સ્યુડો' છે ત્યાં જોવા મળે છે. આ કપિ વાનર માનવોના નાના બાળક જેટલા કદ અને વજનનું હોય છે. વૃક્ષો પર રહેતું, ત્રણ આંગળીઓ ધરાવતું નાનામાં નાના કદનું, ધીમામાં ધીમું ચાલતું ક્રીટીકલ એન્ડેજર્ડ જાતિઓની યાદીનું આ દુર્લભ પ્રાણી છે. જેની સંખ્યા ૫૦૦ કરતાં પણ ઓછી છે.

સ્યુસાઇડ પામ નામનાં વૃક્ષો આજથી પાંચ વર્ષ પહેલાં ૨૦૦૭નાં વર્ષમાં ઓળખી શકાયા. આ પામ એટલા વિશાળ કદના હોય છે કે જેને સેલેલાઇટ કેમેરાની મદદથી પૃથ્વી પર તેનું સ્થાન શોધી શકાય છે. વિશ્વમાં તેની સંખ્યા ફક્ત ૯૦ છે. વૃક્ષ પર ૧૬ ફૂટ લાંબા અસંખ્ય ફૂલો થાય છે. ફૂલો આવ્યા બાદ આ વૃક્ષો સુકાઇ જાય છે.

જાવન ચ્હાઇના સોર્સ (ગેંડા) વિશ્વમાં ૧૦૦ થી ઓછા છે. આ ગેંડાના શિંગડાની ગેરકાયદેસર બજાર ૩૦, ૦૦૦ ડોલર મનાય છે. પુરૂષત્વ શક્તિની દવા માટે તેના શીંગડામાંથી દવા બનાવવામાં આવતી હોઇ આ ગેંડા હવે લુપ્ત થવાને આરે છે.

ધીમે ધીમે ગરમ થતાં પાણીના વાસણમાં બેઠેલાં દેડકો સમજી શકતો નથી કે પાણીએ ગરમ થવાનું છે કે એક હદ પછી જીવ બચાવી શકાશે નહીં. તેને સતત એવું લાગ્યા કરે છે કે હજુ સમય છે. હજી સમય છે. હજી સમય છે. અંતે પાણી એટલું ગરમ થઇ જાય છે કે દેડકો જીવ બચાવી શકતો નથી. પૃથ્વીના માનવોનું વર્તન આ દેડકા જેવું જ છે.

લુપ્ત થતી પ્રત્યેક જાતિના જીવો માનવોને એક શીખ આપ્યા કરે છે કે તમારા લીધે અમે લુપ્ત થઇ રહ્યાં છીએ પણ અંતે કે કયારેક તમારો અંત પણ નિશ્ચિત છે. સમજો તો સારૂં, ન સમજો તો...

... તેમને પંખીનો કલરવ અને વહેતાં ઝરણાનો નાદ સાંભળવો છે... પણ જબાન ખામોશ છે અને કાન પર પરદો પડી ગયો છે...

મુક-બધિર સંબંધો અને વાચાળ સ્નેહ સંબંધ સજાવે જિંદગી

- પોપટભાઇ એસ. પ્રજાપતિ

રાજસ્થાનથી એક પરિવાર ૧૨ વર્ષના પોતાના દીકરાને સ્કૂલમાં એડમિશન અપાવવા આવે છે. છોકરાને બારમા વર્ષેય સ્કૂલમાં ભણવા મૂક્યો નથી. કારણ કે, બાળકના વિકાસમાં કે તેના ઉછેરમાં તેમની દિલચશ્પી નથી અથવા કહો કે બાળકની સાથે કઇ રીતે કામ લેવું તેની ગતાગમ તેમને નથી કારણ કે તેઓ ગ્રામ્ય વિસ્તારમાંથી આવે છે અને તેમનો બાળક બોલી પણ શકતો નથી કે સાંભળી પણ શકતો નથી. સાંકેતિક કે ઇશારાની ભાષા તેમને આવડતી નથી. બાળક પણ દિગ્મૂઢ બની ચારે બાજુ નજર ફેરવે છે, તેને દુનિયા જાણવી છે, પંખીનો કલરવ, વહેતા ઝરણાનો નાદ, મંદિરમાં થતો ઘંટનાદ સાંભળવો છે. સૂર અને લય તથા તાલમાં એકતાલ થઇ મસ્તીમાં ઝૂમવું છે. મનના ભાવોને પોતાની વાણીમાં વ્યક્ત કરવા છે પણ તે લાચાર છે. તેની જબાન ખામોશ છે અને કાનના પડદા પર સંપૂર્ણ પરદો પડી ગયો છે. બાળક સમાજથી અને હવે તો પરિવારથી અલિપ્ત થતું જાય છે કારણ કે કોઇ સમજી શકતું નથી આ બાળક સાથે કઇ રીતે કામ લેવું. પરિણામે ગામડાના અશિક્ષિત માબાપ દોરા-ધાગા મંત્ર, તંત્રનો સહારો લે છે, કાં તો ભૂવાને તાંત્રિકોના પનારે પડે છે.

અંતે થાકી હારી ગાંધીનગરની મુક બધિર સ્કૂલમાં પોતાના બાળકને મુકવા આવ્યા છે. સેકટર-૨૮ ગાંધીનગરમાં આવેલી આ સંસ્થાના માનદ મંત્રી વૈભવ જાની અને ખજાનચી ભૂપતરાય જોષી આવા બાળકોનો હવાલો તેમના મા-બાપ પાસેથી લઇ લે છે. મા-બાપ નિશ્ચિંત બની વતન પરત ફરે છે. પણ હવે વૈભવ જાની અને ભૂપતરાય જોષી આવા બાળકોની વ્યથાઓને સમજવા પ્રયત્ન કરે છે. ભાળકો સાથે બેસી વ્હાલપની અને સંવેદનાની લાગણી તેમના શબ્દોમાં તે સમજી શકે તે રીતે વ્યક્ત કરે છે. પરિવારમાં હીજરાતું બાળક દુનિયા સમજવા પ્રયત્ન કરે છે અને આમ થાય છે તેના નવજીવનનો પ્રારંભ... બાળક પરિવારને ભૂલતું જાય છે અને વૈભવ જાની જોષીદાદામાં તેમને ભગવાનનાં દર્શન થાય છે. તેમનો આત્મવિશ્વાસ વધે છે. તેમનામાં તમન્ના જાગે છે. વિકાસની જે વસ્તુઓ જોઇને શીખવી શકાય તેવી તમામ બાબતો તેમને શીખવી તેમની આંતરિક ચેતના જાગૃત કરવાનો પ્રયત્ન થાય છે. અને આવા મુકબધિર બાળકો જોત જોતામાં પેઇન્ટીંગ, ભરત ગૂંથણ, સિવણકામ, પગ લુંછણિયા બનાવવા, ફાઇલો બનાવવી, બાઇન્ડીંગ કામ કરવું, પેપર બોક્ષ બનાવવા, એમ્બ્રોઇડરીનું કામ કરવું, એકસર સાઇઝ નોટબુક બનાવવી વગેરે અસંખ્ય પ્રવૃત્તિઓમાં મન લગાવી તેનું ઉત્પાદન કરતા થઇ જાય છે. તે બધાની સંભાળ અને કાળજી રાખી તેમની માનસિક અને શારીરિક તંદુરસ્તી જળવાય તેની સતત ચિંતા જોષીદાદા અને વૈભવ જાની કરી રહ્યાં છે. ત્યારે તેમની સેવા ભાવનાને સલામ કરવાનું મન થાય છે.

જોષીદાદાની ઉંમર ૭૬ વર્ષની છે પણ તેઓ કહે છે આટલી ઉંમરે બગીચાનાં બાંકડા કે મંદિરના પગથિયાં ઘસવા એનાં કરતા હું તો આત્મામાં પરમાત્મા શોધવા પ્રયત્ન કરી રહ્યો છું... એ

મને તેમાં આનંદ આવે છે. પ્રવાસ કે જાત્રા કરવાનું મન થાય તો બાળકોને કોઇ પણ પ્રકારની તકલીફ થાય તો પોતાના બધા કામ પડતા મુકી વૈભવ જાની દોડતા આવી જાય છે. બાળકોને કોઇ પણ પ્રકારની તકલીફ થાય તો પોતાના બધા કામ પડતા મુકી વૈભવ જાની દોડતા જાય છે. આ સંસ્થામાં ૧૦૦ ઉપરાંત બાળકો ધો.૧ થી ૧૦ માં અભ્યાસ કરે છે પણ તેમના શિક્ષણ માટે સ્પે. તાલીમ લીધેલા શિક્ષકો રોકેલા છે. આમ પરિવારથી ઉપેક્ષિત બાળકોને આત્મવિશ્વાસથી ભરપૂર બનાવવાનું કામ અને તેમના જીવન બાગના માળીનું કામ આ બંને મહાનુભાવો ખુબ નિષ્ઠાથી કરે છે.

વૈભવ જાનીનાં કહેવા મુજબ શહેરમાં સામાજિક કાર્યકરો, દયાળુ દાતાઓ, નિષ્ટાવાન સેવાભાવી આગેવાનોના ભરપૂર સાથ અને સહકારથી આ પ્રવૃત્તિ અમો જીવંત રાખી શક્યા છીએ. શારીરિક સ્વસ્થ બાળકો સાથે પણ કામ કરવું પડતું હોય પણ આ વિશિષ્ટ બાળકોનું ઘડતર કરવું તે અમારા માટે ચેલેન્જ છે પણ આ ચેલેન્જ અમે હસતું મુખે સ્વીકારી છે અને હવે તો અમારી આ આદત બની ગઇ છે. સવાર પડે અને જોષી દાદા સ્કૂલમાં હાજર થઇ જ જાય. બીજા માનદ કાર્યકરો પણ યથાયોગ્ય સેવાઓ પુરી પાડે છે. મંદિરોમાં દાન કરી નામની તકતીઓ લગાવવાનો મોહ જતો કરી આવા પ્રભુની કૃપાથી વંચિત બાળકોનાં હૃદયમાં તમારા પ્રેમની અને લાગણીની તકતીઓ લગાડીએ તો કેવું? સરસ્વતી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સમર્પણ મુક-બધિર શિશુ વિદ્યા મંદિરની સેકટર-૨૮ બગચા પાછળ એક વાર મુલાકાત લેવા જેવી ખરી. અને પથ્થરમાંથી મુર્તિઓનું સર્જન કરનાર શિલ્પી વૈભવ જાની અને ભૂપતદાદાની એકવાર મુલાકાત લઇ તેમના નવસર્જનમાં સાથ આપશો તો માનવસેનાનું સૌથી મોટું પુણ્ય કરવાનો લાભ મળશે. શક્ય છે કદાચ તમે પણ માનવતાના આ મહાયજ્ઞમાં સામેલ થઇ જાવ.

પ્રિવેન્શન ઓફ ફૂડ એડલ્ટેશન એક્ટ (ભેળસેળ પ્રતિબંધિત ધારો)

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

હાલમાં દિવાળી નજીક હોય બજારમાં મીઠાઇ, ફરસાણની ખુબ જ ડિમાન્ડ રહેવાની જેના કારણે તેલ, ઘી, દૂધ, માવામાં ભેળસેળ કરી ડુપ્લીકેટ ઘી-તેલ, મીલાવટ કરી વેપારીઓ દ્વારા મોટા પ્રમાણમાં ભેળસેળ કરવામાં આવે છે જેનાથી જનતાના આરોગ્યને જોખમ ઉભું થાય છે. જેના રક્ષણ માટે સરકારે ભેળસેળ પ્રતિબંધિત ધારો અમલમાં મુકેલ છે. ભેળસેળયુક્ત ખોરાક, વસ્તુ કે પદાર્થ વેચવો, સંગ્રહ કરવો એ ગુનો બને છે આવું કૃત્ય કરનાર આરોપી સામે પ્રિવેન્સન ઓફ ફુડ એડલ્ટેશન એક્ટ - ૧૯૫૪ ની કલમ - ૧૬(૧) એ મુજબ આરોપી મુકી કાર્યવાહી કરવામાં આવે છે, આ કામકાજ માટે ફૂડ ઇન્સ્પેકટરોની ખાસ નિમણૂંક કરવામાં આવેલ છે. આમ જનતાની તંદુરસ્તીને નુકશાનકારક ઔષધ, ખોરાક કે ચીજવસ્તુના નમૂના ફૂડ ઇન્સ્પેકટર દ્વારા નિર્ધારિત નીતિનિયમો મુજબ યોગ્ય માપમાં યોગ્ય સેમ્પલ લઇ લેબોરેટરીમાં એનાલીસીસ માટે મોકલવામાં આવે છે. જેમાં ખામી જણાય તો ફરિયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. આવી ફરિયાદ ઉત્પાદક, વિક્રેતા, વેપારી છૂટક કે રીટેઇલર સામે કરવામાં આવે છે.

ભેળસેળ યુક્ત પદાર્થો કલમ - ૭ અને ૧૬ મુજબ ફરિયાદ કરી સેમ્પલ ટેસ્ટ કરવામાં આવે છે જેના રીપોર્ટમાં ભેળસેળ જણાય તો કલમ-૧૩ (૨) હેઠળ ભેળસેળયુક્ત પદાર્થ વેચવા બાબતે સજા કરવામાં આવે છે.

આવા સેમ્પલ ચોખ્ખા, સીલબંદ વાસણમાં સમય મર્યાદામાં ટેસ્ટ કરવો જોઇએ. દૂધ, દહીં કે ખોરાક નિયત સમય મર્યાદા, કરતા વધારે સમય બંધ હાલતમાં રહે તો પણ કેમિકલ ઇફેક્ટ થાય છે. જેનો ટેકનિકલ લાભ આરોપીને મળતા નિર્દોષ છૂટી જાય છે.

આવા સેમ્પલ ઇન્સ્પેકટર દ્વારા ખરીદી તેવું બીલ રાખવામાં આવે છે જે સમયે આવો ખોરાક કે આર્ટીકલ ખરીદવામાં આવેલો તે માનવી માટે અનફીટ અને આરોગ્ય માટે હાનિકારક હોય તો તેને ભેળસેળ કહેવાય છે.

જયારે ખાદ્ય પદાર્થ તેના નક્કી કરેલા ગુણવત્તા મુજબની ચોખ્ખાઇ અને ગુણવત્તામાં હલકી, નીચી હોય તો તે ભેળસેળની વ્યાખ્યામાં આવે છે પાનની અંદરની તમાકુ એ પણ ખોર શાક ગણાય છે. પાન મસાલાનું ઉત્પાદન એ ફૂડનું આર્ટીકલ ગણાય છે.

પેક કરેલ પાણી પીવાનું ફૂડ ગણાય છે. પરંતુ દવાઓ અને પાણી અલગ છે, પરંતુ કોઇ પણ ઉપયોગમાં લેવાતો ખોરાક અને પાણી માંદગી માટેનું સેવન એ ખોરાક ગણાય જેથી તેની ગુણવત્તા જળવાય રહે તે પ્રમાણે તેનું પેકીંગ અને વેચાણ કરવું જોઇએ.

ખોરાકમાં વપરાતા કલર એ નિયત કરેલ હોવા જોઇએ પ્રામાણિક થયેલા કલર જ ખોરાકમાં વાપરવાં જોઇએ.

બેનિફિટ ઓફ ડાઉટ જયારે ભાગ્યે જ વિરોધાભાસનો ટાઇપોગ્રાફિકલ ભૂલને કારણે ભૂલ રહી ગઇ હોય અને ખાસ સંજોગોમાં આરોપી ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ - ૩૧૩ હેઠળ ખુલાસો કરે તેવા સંજોગોમાં શકનો લાભ મળવા પાત્ર છે.

સેમ્પલ લેવાની ખામીના કારણે આરોપીને શકનો લાભ મળવાપાત્ર છે.

બગડેલા માલ કે અલગ તારવેલમાંથી સેમ્પલ મેળવેલ હોય તો વેચના માટેનો ના હોય તેવા માલનાં લેવામાં આવે તો લાભ છોડી મુકવામાં આવે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૪થી નવેમ્બર

- ભારતીય સ્વરાજ્ય આંદોલનનાં ક્રાંતિકારી નેતા વાસુદેવ ફડકેનો જન્મદિન.



અંગ્રેજ સરકારની ઊંઘ હરામ કરનારા આ ક્રાંતિવીરનું ૩૮ વર્ષની નાની વયે અવસાન થયું.

- ૧૮૪૭ - સ્કોટલેન્ડના વૈજ્ઞાનિક જેમ્સ યંગ સિપ્સને "ક્લોરોફોર્મ"ની શોધ કરી.
- ૧૯૪૬ - યુનેસ્કોની સ્થાપના થઇ.
- ૧૮૮૯ - ગાંધીવાદી સત્યાગ્રહી જમનાલાલજીનો જન્મ.

- ૧૮૬૨ - છેલ્લા મોગલ બાદશાહ 'બહાદુર શાહ ઝફર' નું રંગૂનમાં કેદીનાં રૂપમાં અવસાન.